# ચૌદમી ગુજરાત વિધાનસભા
# દિવસના કામકાજની યાદી

**દસમું સત્ર**

**બુધવાર, તા.૨૩મી માર્ચ, ૨૦૨૨**

**બપોરના ૧૨–૦૦ વાગ્યે**

૧. **પ્રશ્નોત્તરી**

**તારાંકિત પ્રશ્નોત્તરી**

(૧) માનનીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ, તબીબી શિક્ષણ, જળસંપત્તિ, પાણી પુરવઠા મંત્રીશ્રી

(૨) માનનીય નાણા, ઉર્જા, પેટ્રોકેમિકલ્સ મંત્રીશ્રી

(૩) માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી

૨. **વિધાનસભાની સમિતિના અહેવાલની રજૂઆત**

(૧) કામકાજ સલાહકાર સમિતિના પંદરમા અહેવાલની રજૂઆત

**........માનનીય અધ્યક્ષશ્રી**

(૨) બિન–સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના સત્તરમા અહેવાલની રજૂઆત

**.....સમિતિના માનનીય પ્રમુખ શ્રીમતી ઝંખના પટેલ/સભ્યશ્રી**

૩. **માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રીનો પ્રસ્તાવ**

''આ સભાગૃહ, કામકાજ સલાહકાર સમિતિના પંદરમા અહેવાલ સાથે સંમત થાય.''

૪. **બિન–સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના માનનીય પ્રમુખ શ્રીમતી ઝંખના પટેલ/સભ્યશ્રીનો પ્રસ્તાવ**

'' આ સભાગૃહ, બિન–સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના સત્તરમા અહેવાલ સાથે સંમત થાય. ''

૫. **વૈધાનિક પ્રસ્તાવ સિવાયનો સરકારી પ્રસ્તાવ(નિયમ–૧૦૧)**

**માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રી રાજેન્દ્ર ત્રિવેદીનો પ્રસ્તાવ**

**૬૦ મિનિટ**

તા.૨૩મી માર્ચનો દિવસ ભારતના આઝાદીના ઇતિહાસનો એક અવિસ્મરણીય અને ગૌરવવંતો દિવસ છે. ભારતે ૧૯૪૭માં બ્રિટિશરો પાસેથી સ્વતંત્રતા મેળવી પરંતુ આ એટલું સહેલુ ન હતું. આઝાદીની પ્રાપ્તિ માટે અનેક લોકોએ પોતાનો જીવ આપ્યો.

આ દિવસે યુવા ક્રાંતિવીરો વીર ભગતસિંહ, શિવરામ રાજગુરૂ અને સુખદેવને બ્રિટિશ સલ્તનતે ફાંસીને માંચડે લટકાવી દીધા હતા. નોંધનીય છે કે બ્રિટિશ સિપાહીઓ દ્વારા લાલા લાજપતરાય ઉપર થયેલ લાઠી ચાર્જના જવાબમાં બ્રિટિશ પોલીસ અધિકારીને ઠાર

...૨...

કરેલ. આ ક્રાંતિકારીઓએ કેટલાક સાહસિક કાર્યો કર્યા અને તા.૮મી એપ્રિલ, ૧૯૨૯ ના રોજ, તેઓએ સેન્ટ્રલ લેજીસ્લેટિવ એસેમ્બલી પર બોમ્બ ફેંક્યા તેમજ 'ઇન્કિલાબ ઝિંદાબાદ' ના નારા લગાવતા રહ્યા. વીર ભગતસિંહ, રાજગુરુ અને સુખદેવની ધરપકડ કરવામાં આવી અને તેઓ પર હત્યાનો આરોપ મૂકવામાં આવ્યો. તા.૨૩મી માર્ચ ૧૯૩૧ના રોજ તેઓને લાહોર જેલમાં ફાંસી આપવામાં આવી. વીર ભગતસિંહ આપણી સ્વતંત્રતાની કાવ્યબાની 'રંગ દે બસંતી ચોલા' ગીતના મહાનાયક બન્યા.

બ્રિટિશ શાસન દરમ્યાન પણ, તેમના બલિદાનથી પ્રેરાઇને અનેક લોકો દેશની આઝાદી માટે આગળ આવ્યા અને લડતમાં જોડાયા. આ નાયકો લોકોના કલ્યાણ માટે લડ્યા અને સમાન હેતુ માટે તેમના જીવનનું બલિદાન આપ્યું. ઘણા યુવા ભારતીયો માટે ભગતસિંહ, રાજગુરુ અને સુખદેવ આજે પણ પ્રેરણાના સ્ત્રોત બની રહ્યા છે. આ ત્રણેય ક્રાંતિકારીઓને શ્રદ્ધાંજલિ અર્પવા, આપણે સૌ તા.૨૩મી માર્ચને શહીદ દિવસ તરીકે મનાવીએ છીએ.

ગુજરાતના પ્રજાજનો અને આ ગૃહના સન્માનનીય સભ્યો તરફથી આ શહીદવીરોને આપણે હ્રદય પૂર્વકની શ્રધ્ધાંજલી અર્પીએ અને દેશના આ સપૂતોના બલિદાનને બીરદાવીએ.

## ૬. **માગણીઓ પર ચર્ચા અને મતદાન (સાતમો દિવસ)**

| **પ્રભારી મંત્રીશ્રી** | **માગણી નંબર** | **માગણીનો જેની સાથે સંબંધ હોય તે સેવા** | | **માગણીની રકમ રૂ.** | **અંદાજપત્ર પ્રકાશન નંબર અને પાના નંબર** |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | | ૪ | ૫ |
| **ઉદ્યોગ અને ખાણ વિભાગ** | | | | | **અં.પ્ર.નં. ૧૩** |
| પ્રવાસન મંત્રીશ્રી | ૫૧ | પ્રવાસન | મહેસૂલ | ૯૨,૮૪,૬૭,૦૦૦ | ૭૨ થી ૭૮, |
| | | | મૂડી | ૪,૪૮,૬૪,૫૫,૦૦૦ | ૧૦૨ થી ૧૦૪ |
| **બંદરો અને વાહન વ્યવહાર વિભાગ** | | | | | **અં.પ્ર.નં. ૨૦** |
| વાહન વ્યવહાર મંત્રીશ્રી | ૭૪ | વાહન વ્યવહાર | મહેસૂલ | ૭,૮૬,૯૯,૯૩,૦૦૦ | ૫ થી ૮, |
| | | | મૂડી | ૪,૯૩,૭૫,૫૭,૦૦૦ | ૧૩ થી ૧૮, ૨૩ થી ૨૬ |
| **માર્ગ અને મકાન વિભાગ** | | | | | **અં.પ્ર.નં. ૨૨ (ભાગ–૧ અને ૨)** |
| માર્ગ અને મકાન મંત્રીશ્રી | ૮૫ | રહેણાંકના મકાનો | મહેસૂલ | ૨,૧૬,૫૯,૬૩,૦૦૦ | ૩૧ થી ૩૮, |
| | | | મૂડી | ૨,૧૧,૧૦,૪૧,૦૦૦ | ૧૫૪ થી ૧૮૬, |
| માર્ગ અને મકાન મંત્રીશ્રી | ૮૬ | માર્ગ અને પૂલ | મહેસૂલ | ૩૩,૭૫,૪૭,૫૨,૦૦૦ | ૪૮ થી ૬૫, |
| | | | મૂડી | ૫૨,૫૫,૩૬,૫૨,૦૦૦ | ૨૩૩ થી ૨૫૭ |
| માર્ગ અને મકાન મંત્રીશ્રી | ૮૭ | ગુજરાતના પાટનગર બાંધકામની યોજના | મહેસૂલ | ૧૮,૮૧,૯૪,૦૦૦ | ૩૯ થી ૪૩, |
| | | | મૂડી | ૩,૫૪,૩૩,૦૦,૦૦૦ | ૧૮૭ થી ૧૯૪ |

**વિધાનસભાગૃહ,**
**ગાંધીનગર.**
**તા. ૨૨મી માર્ચ, ૨૦૨૨**

**ડી. એમ. પટેલ**
**સચિવ,**
**ગુજરાત વિધાનસભા.**